આરોપી સામે ઉપર જણાવ્યા મુજબનો ગુનાનો આરોપી છે. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીના ગુના બાબતે પુછતાં અઆરોપીએ સ્વેચ્છાપૂર્વક સમજી વિચારીને લેખીત કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુનો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતિ નબળી હોઈ, પરીવારના ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાતઅને આરોપીના સંજોગોને ધ્યાનમાં રાખી દયા બતાવી ન્યાયનાં હીતમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

: હુ ક મ :

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ અન્વયે એમ.વી.એકટ કલમ ૧૮૫મુજબના ગુના શિક્ષાને પાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવીતેને રુપીયા ૧૦૦૦/– દંડ (અંકે રુપીયા એક હજાર પુરા) દંડની શિક્ષા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૧૦ ની સાદી કેદની શિક્ષા ભોગવવાની રહેશે.

આ ગુનાના કામે કબજે કરેલ વાહન છે તે વાહનની ઓળખ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે

હુકમ આજરોજતા.૧૩ મી જુલાઈ સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૩/૭/૧૯

(બી.એચ.ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ